R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવકાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR-18•ISSUE:38 DATE:20-09-2014•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## ચીનના પ્રમુખ અને પત્નીના માનમાં અમદાવાદ રીવરફંટ ખાતે રાત્રી ભોજન સમારંભ યોજાયો



અમદાવાદ ખાતે રીવરફંટમાં ચીનના પ્રમુખ અને તેમની પત્ની માટે વિશેષ અતિથિ સત્કારનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.ત્યારે સંખેડા આર્ટમાંથી બનાવેલ ખાસ હીંચકા પર ચીનના પ્રમુખ અને પત્ની બેસીને ઝુલ્યા હતા.આ પળોને વડાપ્રધાન મોદી નિહાળી રહ્યા તસવીરમાં બતાવાયા છે.રીવરફંટ ખાતે પ્રમુખ અને તેમની પત્નીના માનમાં રાત્રી જમણનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. તેમાં વિવિધ ગુજરાતી વાનગીઓ પીરસવામાં આવી હતી.સહુ પ્રથમ વાર ગુજરાતની મુલાકાતે આવેલ ચીનના પ્રમુખ રાત્રી ભોજન દરમિયાન તેમની સાથે આવેલ ડેલીગેશન સાથે કેટલાક કરારો પર પણ વિચારણા હસ્તાક્ષર કર્યા હતા.રાત્રી ભોજન સમારંભમાં અનેક અતિથિઓ ઉપસ્થિતિ રહ્યા હતા. જેમાં વિવિધ ઊદ્યોગપતિઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

અમદાવાદથી દિલ્હી ગયેલા ચીનના પ્રમુખ સાથે થયેલ અન્ય કરારોમાં માનસરોવર યાત્રા માટે નાથુલા થઈને એક નવા માર્ગ ખોલવાનો ચીને સ્વીકાર કર્યો હતો.આ નિર્ણયથી ભારતીયોને અને ખાસ કરીને વૃધ્ધોને આ પવિત્ર યાત્રા માટે વધુ સાનુકુળતા રહેશે.આ માર્ગે મોટરસાઈકલથી પણ જઈ શકાશે.તેમજ વરસાદની ઋતુમાં આ સલામત માર્ગ છે.

આ ઉપરાંત ભારત અને ચીન વચ્ચે રેલ્વે સહિતના ક્ષેત્રોમાં ૧૨ કરાર કરવામાં આવ્યા હતા. ચીન આગામી પાંચ વર્ષમાં ભારતમાં ૨૦ અબજ ડોલર(અંદાજે ૧૨૦૦ અબજ રુપીયા)નું રોકાણ કરવાનું વચન આપ્યું છે.સરહદ પર વિવાદ અને વિઝા નીતિ સહિતના મદ્દાઓ પર વ્યાપક મંત્રણા કરવામાં આવી હતી.

## ગુજરાતની પેટા ચુંટણીઓના પરિણામો વિપક્ષને તાકાત આપનારા છે : શંકરસિંહ વાધેલા

ભાજપે' અચ્છે દિન આનેવાલે હૈ 'નું સુત્ર આપીને સામાન્ય માણસોની આશા અને અપેક્ષાઓ જાગૃત કરીને જે રીતે દેશમાં બહુમતી મેળવીને સરકાર બનાવી તેના ૧૨૦ દિવસમાં મતદારોને પોતે છેતરાયા હોવાનો અહેસાસ થઈ ગયો છે. જેનો બોલતો પુરાવો દેશભરમાં ૩ લોકસભા અને ૩૨ વિધાનસભાની પેટાચુંટણીઓના પરિણામો બતાવે છે.દેશમાં ભ્રષ્ટાચાર,મોંધવારી,બેકારી,ગરીબી છે. આ બધાને દુર કરવાનું વચન અપાયું હતું.ભારતના સૈનિકોનું માથુ વાઢનારાઓનું માથું કાપી લાવીશું,ચીનની શાન ઠેકાણે લાવી દેશું જેવા હજારો પ્રકારના વાયદાઓ કરીને લોકોની સંવેદનશીલતાને ઉશ્કેરીને ભાજપે મતદારોને છેતર્યા હોવાનું કોગ્રેસના વરિષ્ઠ નેતા અને વિધાનસભાના વિપક્ષના નેતા શંકરસિંહ વાધેલાએ કહ્યું હતું.

જ્યારે ગુજરાત પ્રદેશ કોગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ કહ્યું હતું કે ગુજરાતમાં પણ પ્રજાએ ભાજપના વર્ચસ્વવાળી ૩ બેઠકો કોગ્રેસને આપીને ભાજપને પરચો આપી દીધો છે.મોઘવારી ઘટશે, મહીલાને સલામતી,યુવાનોને રોજગારી મળશે તેવા વાયદાઓ સાથે સત્તા મેળવનારા ભાજપના પ્રધાનમંત્રીની ઉલ્ટી દિશામાં ગતિને પ્રજા પીછાણી ગઈ છે.તેવો આરોપ તેમણે મુક્યો હતો.મોદીના જન્મદિને ૧૦ બેઠકોની ભેટ આપવાનો મુખ્યમંત્રી આનંદીબેનની વાતને ગુજરાતની પ્રજાએ જાકારો આપ્યો છે.

## ગુજરાતની પેટા ચુંટણીમાં કોગ્રેસના અચ્છે દિન આયે

તા.૧૩ સપ્ટે.ના રોજ યોજાયેલી ગુજરાતની ૯ વિધાનસભાની અને વડોદરા લોકસભાની બેઠકની ચુંટણીમાં પરિણામો જાહેર થયા હતા. ભાજપની આ પેટા ચુંટણીમાં ત્રણ બેઠકો કોગ્રેસે આંચકી લેતાં,હતાશામાં ડુબેલી કોગ્રેસમાં આશાના કિરણો ઉમટ્યા હતા.ગુજરાતની તમામ ૯ વિધાનસભાની બેઠકો ભાજપના સાંસદો ચુંટાવાને કારણે ખાલી પડી હતી.ભાજપાએ માંગરોળ,ખંભાળીયા, અને ડીસાની બેઠકો ગુમાવી હતી.જ્યારે લોકસભાની વડોદરાની બેઠક જે મોદીએ ખાલી કરી હતી તે ભાજપાએ જાળવી રાખી હતી.ભાજપ દ્વારા તેમની તમામ ૧૦ બેઠકો જાળવી રાખવા માટે છેલ્લા બે માસથી બેઠકો,આયોજનો અને રણનીતી નક્કી કરવા માટે મહેનત કરવામાં આવી હતી. જ્યારે કોગ્રેસનું ચુંટણી લડવા અને જીતવા માટે કોઈ જ આગોતરુ આયોજન ન હતું.આમ છતાં ભાજપની ત્રણ બેઠકો કોગ્રેસે આંચકી લીધી હતી.કોગ્રેસની સફળતાએ રાજ્યમાં કોગ્રેસ પાર્ટીમાં પ્રાણ સંચાર કર્યો છે.

## ચીનના પ્રમુખ અને તેમની પત્ની અમદાવાદની મુલાકાતે પધાર્યા

ચીનના પ્રમુખ જિન પિંગ તથા તેમના પ્રસિધ્ધ ગાયિકા પત્ની પેંગ લિયુઓન વિશેષ ચીની વિમાનમાં કોલંબોથી સીધા અમદાવાદ એરપોર્ટ પર પધાર્યા હતા.તેમની સાથે અન્ય વિમાનમાં ચીનનું વિશાળ ડેલીગેશન પણ આવી પહોચ્યુ હતું.ચીનના પ્રમુખ ભારતની ત્રણ દિવસની મુલાકાતે આવ્યા છે.અમદાવાદ એરપોર્ટ પર રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તથા અમદાવાદના મેયરશ્રીએ તેમનુ સ્વાગત કર્યું હતું.

ચીન ભારતમાં તેના રોકાણો માટેન પ્રથમ અધ્યાય ગુજરાતથી શરુ કરનાર છે.અને આ સમજુતી કરારમાં ગુજરાત સરકારના ઈન્ડેક્ષ્ટ-બી તથા ચાઈના ડેપલપમેન્ટ બેંક સાથે થયેલ કરાર સૌથી મહત્વનો છે.આ કરારથી મનાય છે કે ગુજરાતમાં વડોદરા પાસે કરજણ અને અમદાવાદ નજીક સાણંદમાં ઈન્ડ્રસ્ટ્રીયલ પાર્ક માટેનું પ્રમોશન શરુ થશે.ચીનની કંપનીઓને આ પાર્કમાં રોકાણ કરવાની અનુકુળતા મળશે.આ ઉપરાંત રાજ્ય સરકારે ગ્વાનગોન્ગો પ્રાંત સાથે સિસ્ટર સ્ટેટ કરાર કર્યા છે.આ સીટી કરારને લીધે અમદાવાદ મહાનગરપાલિકાને વિકાસ માટે ખાસ સવલતો મળશે.

ચીનના પ્રમુખ એરપોર્ટથી આવ્ય બાદ વસ્ત્રાપુર ગ્રાન્ડ હયાત હોટેલ ખાતે પહોચ્યા હતા. જ્યાં તેમનું સ્વાગત વડાપ્રધાન મોદીએ કર્યું હતું.

## ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો જન્મ દિવસે જોગાનું જોગ વિશેષ અતિથિ આગમન



ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૬૫માં જન્મ દિને જોગાનુજોગ ચીનના પ્રમુખ વિશેષ અતિથિ તરીકે અમદાવાદના આંગણે મહેમાન બન્યા હતા. જયારે વડાપ્રધાન બન્યા બાદ સહુ પ્રથમ વાર તેઓ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. અમદાવાદ એરપોર્ટ પર તેમનું ભવ્ય સ્વાગત કરવામા આવ્યું હતું.પ્રોટોકોલ મુજબ રાજયપાલ ઓ.પી કોહલી,અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પુષ્પગુચ્છ આપી એમનું સ્વાગત કર્યું હતું.આ પ્રસંગે સાથે આવેલ ભાજપા પ્રમુખ અમીત શાહ,નું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું.સ્વાગત માટે ઉમટી પડેલ હજારો કાર્યકરોનું મોદીએ આગવી શૈલીથી અભિવાદન ઝીલ્યું હતું.

ગરવી નવકાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ચીનના પ્રમુખ ભારતની સત્તાવાર મુલાકાતે આવ્યા અને તેની શરુઆત અમદાવાદથી કરવામાં આવી.અમદાવાદના આંગણે વિદેશી મહેમાન પધાર્યા તે એક પ્રશંસનીય બાબત છે.મોટા ભાગના વિદેશી મહાનુભાવો દેશની રાજધાની દિલ્હીમાં આવે અને વધારેમાં વધારે આર્થિક રાજધાની મુંબઈની મુલાકાત લઈને પાછા ચાલ્યા જાય.પરંતુ ગુજરાત માટે એક ઐતિહાસિક બાબત બની કે વિશ્વની મહાસત્તા ગણાતા દેશના પ્રમુખ અમદાવાદ ખાતે પધાર્યા.આ ઉપરાતં ગુજરાતને તેમના આવવાથી વિકાસમાં અનેક નવા પરિબળોનો સાથે મળશે તેવા કરારો પણ થયા.

આ તમામ બાબતો બનવા પાછળ જો કોઈને શ્રેય આપવાનો હોય તો તે માટે આપણે આપણા માજી મુખ્યમંત્રી અને હાલમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીને આપવો પડે. તેમના થકી આ બાબતો આપણા માટે હકીકત બની.

ખેર,ચીનના પ્રમુખે આવીને અનેક બાબતો અંગેના કરારો કર્યા.પરંતુ તેમના પર વિશ્વાસ કેવી રીતે કરવો તે બાબતે સહુ કોઈના મનમાં શંકા તો છે. ભલે તે જાહેરમાં ના દેખાડાતી હોય.સરહદો પર જે રીતે ચીનનું લશ્કર આપણા પ્રદેશો પર પોતાનો પગદંડો જમાવવા પ્રયત્ન કરી રહ્યું છે તે ચિંતા ઉપજાવે તેવું છે.ભારત અને ચીનના સૈનિકો એકબીજાથી ૨૦૦ મીટરના જ અંતરે ઉભા છે.તેમજ ડેમચોક અને ચુમાર વિસ્તારમાં લગભગ સામસામે આવી ગયા છે.જેથી ભારતે પોતાની સૈનિક સંખ્યા વધારવી પડી છે.આ બધું ચિંતા ઉપજાવે તેવું છે.

## મંતવ્ય

કેન્દ્ર સરકારની ૧૦૦ દિવસની કામગીરીમાં શું થયું તેનો રીપોર્ટ સરકાર જારી કરીને અચ્છે દિન આયે તેની પ્રતિતી કરાવવાની હતી. પરંતુ વડાપ્રધાનશ્રીને તેમનાજ નીમેલા મંત્રીઓએ તેમના ૧૦૦ દિવસમાં કરેલા લોકહિતના કાર્યોની નોંધ આપી નથી.જેથી સરકાર પોતાની ૧૦૦ દિવસની કામગીરીનો રીપોર્ટ પ્રજા સમક્ષ રજુ કરી શકી નથી.સત્ય શું છે ખબર નથી પરંતુ જો વડાપ્રધાનને તેમના મંત્રી મંડળના સાથીઓ તેઓની કામગીરીનો રીપોર્ટ આપે નહી તો તેમની સામે કડક હાથે કામ લેવું જોઈએ. પ્રજાને એવો સ્વચ્છ અને કાર્યદક્ષ વહિવટ જોવો છે જેનાથી યુપીએ સરકારની ખરડાયેલી છબીથી નાખુશ થઈને તેમણે સત્તામાં પરિવર્તન આપ્યું છે. જો આજ પ્રમાણે નવી સરકાર કરવાની હોય તો તેમના વળતાં પાણી થશે.તાજેતરની વિધાનસભાની થયેલ ચુંટણીઓમાં જે પરિણામો આવ્યા છે તે પરથી એવું લાગે છે કે લોકોને જે વિશ્વાસ ઉભો થયો હતો તે ધીમે ધીમે ઓછો થવા માંડ્યો છે. પરિણામો એવું બતાવે છે કે પ્રજા હવે પાછી કોંગ્રેસ તરફ ફરવા લાગી છે. તેમને એવું લાગ્યું છે કે તેમની સાથે બનાવટ થઈ છે.ખોટા ભવ્ય ઉત્સવોથી,ઝાકઝમાળ અને પ્રચારથી પ્રજાને હવે વધુ છેતરી નહીં શકાય.

મનોજભાઈ કે. નાયક

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## રાજધાની અને શતાબ્દી જેવી ટ્રેનોમાં પ્રવાસીઓને વધુ સુવિધા

ટ્રેનમાં પ્રવાસ કરી રહેલા પ્રવાસીઓને મધરાતે કે વહેલી સવારે સ્ટેશન છુટી જવાની દહેશત સતાવશે નહી કારણકે પ્રવાસીઓને મોબાઇલ ફોનથી તેમનું સ્ટેશન આવી રહ્યું છે તેની જાણકારી આપવાની સુવિધાની જાહેરાત કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી છે.

સેન્ટર ફોર રેલ્વે ઇન્ફેરમેશન સિસ્ટમ દ્વારા પ્રવાસીઓને માટે આઇટી આધારીત વિવિધ સેવાઓ આપવાની જાહેરાત કેન્દ્રીય બજેટમાં કરવામાં આવી હતી.તેમાંથી મોબાઇલ દ્વારા પ્રવાસીઓને તેના સ્ટેશનના આગમનની પહેલથી જાણ કરવાની સુવિધાનો અમલ કરવામાં આવનાર છે.સ્ટેશન આવવાની ૨૦ મીનિટ પહેલા પ્રવાસીને આ બાબતની જાણકારી આપવામાં આવશે.

કોલ એલર્ટ સિસ્ટમ માટે પ્રવાસીને મોબાઇલમાંથી ચાર્જ વસુલ કરવામાં આવશે.આ ચાર્જ બેથી ત્રણ રુપીયા જેટલો હશે.પોતાનો નંબર રજીસ્ટર કરાવ્યો હશે તેમ છતાં વેક અપ કોલ ના મળે તેવા કિસ્સામાં રેલ્વે પાસે વળતરની માંગણી કરી શકાશે.હાલ આ સોફ્ટવેર ડેવલપ કરવામાં આવી રહ્યું છે.પાઇલોટ પ્રોજેક્ટ તરીકે કેટલીક સિલેક્ટેટ ટ્રેનોમાં આ સુવિધા મળશે.

## ઇસીસના હુમલાઓ સામે ખ્રિસ્તીઓનો બચાવ કરાશે :ઓબામા

યુ.એસ પ્રેસિડેન્ટ બરાક ઓબામા એ જણાવ્યું હતુ કે મીડલ ઇસ્ટમાં ધાર્મિક લઘુમતિઓનું તેઓ રક્ષણ કરવા માટે વચને બંધાયેલા છે.આ વિસ્તારના ખ્રિસ્તી નેતાઓ સાથેની મીટીંગમાં જે લેબોનીઝ મેરોનાઇટ એટ્રીઆચ કાર્ડનલ બેચારા રાઇ,ની નેતાગીરીમાં પ્રમુખને મળ્યું હતું.તેમની સાથે નેશનલ સીક્યુરીટી એડવાઈજર સુસન રાઇસે ચર્ચા કરી હતી.આતંકવાદીઓ સામે ખ્રિસ્તીઓનું રક્ષણ કેવી રીતે કરવું તે મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.પ્રમુખે આ બાબતે વચન આપ્યું હતું.

લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

ગીડીયોન પોલ પરમાર

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

## સરકારી નોકરીઓમાં વિકલાંગો માટે ત્રણ ટકા અનામત ફરજીયાત રહેશે : સુપ્રીમ કોર્ટ

આઇએએસની નિમણુંક અને પ્રમોશન સહિત તમામ સરકારી નોકરીઓમાં શારીરીક રીતે પડકારરુપ લોકો (વિકલાંગો) માટે ત્રણ ટકા અનામત ફરજીયાતપણે રહેશે.આ લોકોને અનામતનો વિરોધ કરીને સરકાર વિકલાંગોને હતાશ કરી રહી હોવાનું કહીને કેન્દ્રની કોર્ટે ઝાટકણી કાઢી હતી.કોર્ટે આ સાથે જ કેન્દ્ર સરકારની પીટીશન ડીસમીસ કરી દીધી હતી.

ચીફ જસ્ટીસ. આર.એમ.લોધાના વડપણ હેઠળની બેન્ચે કહ્યું હતુ કે વિકલાંગ લોકો માટે ૧૯૯૫માં સમાન અવસર, અધિકારોનું રક્ષણ અને સંપુર્ણ ભાગીદારીની ખાતરી આપતો કાયદો પસાર થયાના ૧૯ વર્ષ થઇ ગયા છતાં તેમને તેમના અધિકાર મળ્યા નથી.સરકાર વતી દલીલ કરતા એડીશનલ સોલિસીટર જનરલ પિન્કી આનંદે કહ્યું હતું કે ગ્રુપ-એ અને ગ્રુપ -બી ના અધિકારીઓની કેટેગરીના પ્રમોશનમાં અનામત આપી શકાય નહી કારણ કે તે નિમણુંકનો કેસ નથી. જો કે બેન્ચે કહ્યું કે નિમણુંક એ વ્યાપક વિચાર છે અને કેન્દ્રે તેનું સંકુચિત અર્થઘટન કરી રહ્યું છે.બેન્ચે કેન્દ્રને કહ્યું કે સંસદે જે વર્ગ માટે કાયદો પસાર કર્યો છે તે વર્ગને અનામતની નીતિનો તમે વિરોધ કરી તેમને હતાશ કરી રહ્યા છો

## ઇન્દ્રીયોનુ પુર માણસને ખતમ કરી શકે છે.આત્મસંયમ માણસને ઉગારે છે.

માણસમાં જો નિર્ણયશક્તિના હોય, તે સંયમ પાળી શકતો નથી. સંયમ માટે દ્રઢતા જોઇએ.ગાંધીજીએ કહ્યુ છે કે 'દુર્બળ મનનો માણસ સંયમ પાલન કરી શકતો નથી, પણ જેના મનમાં લગની હોય તે અભ્યાસથી સંયમ પાલન કરી શકે છે,અભ્યાસથી સંયમ પાલન એટલે મનની મજબુતાઇ,મન જો ઢીલામાં હોય તો સંયમ પાળી શકાતો નથી. એક વખત કોઇ પણ કામ મનથી નક્કી થાય, પછી એમાંથી જે ડગતો નથી,કંઇ પણ થાય તોય જે પોતાની દીશામાં આગળ વધે છે એજ સાચો સંયમી 'અમુક વસ્તુ ખાવાની નથી, એવું નક્કી કર્યા પછી એ જ વસ્તુ સામે આવે અને જો મન લલચાય તો એનો અર્થ સરતો નથી.મહાત્માઓએ તો પોતાની ઇન્દ્રીયોને કાબુમાં રાખવાની વાત કરેલી છે.સુલેમાને કહ્યુ છે કે ' જેને ઇન્દ્રીયો વશમાં નથી એ દીવાલો પડી ગયેલા મકાન જેવો છે'જે મકાનને દીવાલો જ ન હોય, એને મકાન કેવી રીતે કહેવાય ?આપણી ઇન્દ્રીયોનુ પણ એવું જ છે. ઇન્દ્રીયો ઉપરનો કાબુ એ માણસની સિધ્ધિ ગણાય છે. જો ઇન્દ્રીયોને છુટો દોર આપવામાં આવ્યો હોય તો એનાં પરિણામો સારા આવતાં નથી.સારુ એ મારુ એવી ઇચ્છા રાખવી એ મુર્ખામી છે.બાઇબલમાં કહ્યુ છે કે 'દુરાચારીણી સ્ત્રીના સોદર્ય પર ન તો પોતાના હ્રદયને મુગ્ધ થવા દો કે ન તો પોતાની જાતને તેની ચંચળ દષ્ટ્રિનો શિકાર થવા દો' એનાથી દુર રહેવુ એમાં જ આપણુ હિત છે, નહિતર પતન તો નિશ્ચિત છે જ.

ચીનમાં કહેવત છે કે 'ઓછું ખાવ, લાંબુ જીવો ', આપણા બધાંજ શાસ્રો એકજ અવાજે કહે છે કે ભુખ કરતાં ઓછું ખાવ,જઠરને થોડુ ખાલી રહેવા દો. અકરાંતિયાની જેમ ખાઇને મોતને કે રોગને આમંત્રણ આપવુ જોઇએ નહી.આ બધુંજ હોવા છતાં આપણી જીભને જે સ્વાદ લાગે છે તે છુટતો નથી. ભોજન અને ભાષણમાં સંયમ રાખો.અતિ ભોજન અને અતિ ભાષણ બંને પ્રાણનો તરત જ નાશ કરે છે. ગુજરાતીમાં કહેવત છે કે 'જે વધારે ખાય તે લુખ્ખુ અને વધારે બોલે તે જુઠ્ઠુ ' ખાવામાં અને બોલવામાં સંયમ રાખવાથી ઘણા ફાયદા થાય છે.મનને લગામ લગાવવી જોઇએ. એની સાથે બધી જ ઇન્દ્રીયોને કાબુમાં રાખવા માટે સરળતા રહે છે. કોઇ પણ બેકાબુ હોય તો તે નુકશાન કરે છે.ઇન્દ્રીયોનુ પુર માણસને ખતમ કરી શકે છે.આત્મસંયમ માણસને ઉગારે છે.મનની શાંતિ એ બધાજ દુઃખોની દવા છે.જે વિદ્વાન છે, સમજુ છે, શાસ્રોન અભ્યાસ કરેલો છે,જે મનની ગતિવિધિઓ સમજી શક્યો છે. તેને શાંતિ સહેજ છે.જેનામાં સમજનો અભાવ છે તે હંમેશાં દુઃખી છે.મનને કાબુમાં રાખવુ એ ખાંડાના ખેલ જેવું છે. એકદમ ઉચ્છંખલ ઘોડાને પળોટવા બરાબર ગણાય છે. જો તે કાબુમાં ના રહે તો આપણને નુકશાન કરી શકે છે, તેથી તે સાવધાનીથી કરવુ પડે છે.મનને વશમાં રાખવામાં જો સહેજ ચુક થાય તે એના માઠા પરિણામ આવતાં હોય છે.

સંયમથી લડાઇ-ઝગડા થતા નથી.વેર વધતુ નથી.જ્યાં વિવાદ છે ત્યાં સંયમ હોતો નથી.સંયમ વિનાની જીંદગી એ કિનારા વિનાની નદી જેવી છે.એવી નદીનુ પાણી ક્યારે ક્યાં જાય તે કહેવાય નહી.જ્યાં કિનારો હોતો નથી ત્યાં આફત હોય છે.જેનુ મન ભટકતુ હોય છે, ત્યાં અશાંતિ જ હોય છે.સંયમ આ બધાનુ ઓસડ છે. સંયમ એ વહેતો પ્રવાહ છે. સંયમ સફળતાની કુંચી છે.માણસના વિકાસના પાયામાં સંયમ છે. કાકાસાહેબ કાલેલકરે કહ્યુ છે કે 'સંયમ દ્વારા માણસની અનુભવ શક્તિ વધે છે.દરેક પ્રકારનુ સામર્થ્ય વધે છે.સારાસારનો ભેદ સમજવાની સુક્ષ્મ બુધ્ધિ વધે છે અને માનવજીવન સફળતા સુધી પહોચે છે.સંયમમાં જ જીવન સાફલ્યની પરાકાષ્ઠા છે. '

ડૉ.કિશોરસિંહ સોલંકી (સૌ. સંદેશ)

# વૈષ્ણોદેવી માટે વડોદરાથી જતી પ્રિમિયમ ટ્રેનનો લાભ ગુજરાતીઓને મળશે

વેસ્ટર્ન રેલ્વે દ્વારા આગામી ૯ ઓક્ટો થી ૨૭ ઓક્ટો. દરમિયાન બાંન્દ્રા ટર્મિનલથી માતા વૈષ્ણોદેવી કટરા સ્ટેશન વચ્ચે સુપરફાસ્ટ પ્રિમિયમ ટ્રેન દોડશે. આ ટ્રેન દર સોમવારે સવારે પાંચ કલાકે વૈષ્ણોદેવી માટે ઉપડશે.

ટ્રેનનો નંબર૦૯૦૨૧ અને ૦૯૦૨૨ નંબરની બંને ટ્રેનો બોરીવલી,વડોદરા, કોટા,નવી દિલ્હી, અને લુધિયાણા સ્ટેશન પર ઉભી રહેશે. આ ટ્રેનને અમદાવાદ સ્ટોપેજ અપાયું નથી. તેથી અમદાવાદ યાત્રીઓએ આ ટ્રેનમાં બેસવા વડોદરા જવું પડશે.જેથી પ્રિમિયન ટ્રેનનો લાભ લેવા માટે ગુજરાતીઓએ વડોદરાથી ટ્રેનમાં જવું પડશે.હાલમાં આ ટ્રેનની ૯ ઓક્ટો. થી ૨૭ ઓક્ટો. વચ્ચે જ દોડશે.

# ૧૩મી સપ્ટેમ્બરથી હોલીડે ટ્રેનોનું ઓનલાઇન બુકીંગ થશે

પશ્ચિમ ભારતથી પુર્વ અને ઉત્તર ભારત તરફ જવા રેલ્વે પ્રવાસીઓ માટે નવી ૧૩ હોલીડે સ્પેશીયલ ટ્રેનો શરુ કરવામાં આવી છે.જેમાં ૯ પ્રિમિયમ એસી સુપરફાસ્ટ ટ્રેન અને સાત વિશેષ ટ્રેનનો સમાવેશ થાય છે.૧૩ ટ્રેનો પૈકી સાત પુર્વ ભારત તરફ ચલાવવામાં આવશે. પ્રિમિયમ એસી સુપરફાસ્ટ ટ્રેનોમાં સુરત-છપરા, સુરત પટના,મુંબઇ સેન્ટ્રલ,નવી દિલ્હી, બાંદ્રા ટ્રમિનલ-લખનઉ જંકશન ટ્રેનનો સમાવેશ થાય છે. જ્યારે નોન પ્રિમિયમ ટ્રેનોમાં ઉધના-અમરાવતી,રાજકોટ-રીવા, હાપા-બિલાસપુર,ઇન્દોર જમ્મુતાવી,બાંદ્રા ટર્મિનલ-ઇન્દોર,અમદાવાદ -પટના, અને અમદાવાદ લખનઉ ટ્રેનનો સમાવેશ થાય છે.આ તમામ ટ્રેનો માટે વેબસાઇટ પરથી ઓનલાઇન બુકીગ કરાવવું પડશે.

# જુના અને નકામાં થઇ ગયેલા કાયદાઓ નાબુદ કરાશે

કેન્દ્ર સરકાર દ્વારા કેટલાક જુના અને નકામા થઇ ગયેલા કાયદાઓને નાબુદ કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.આ માટે સંસદમાં નવું બિલ લાવવાની તૈયારી કરી રહી છે. કાયદાપંચ આવા ૭૨ જેટલા નકામા બની ગયેલા કાયદાઓને દુર કરવા તાકીદના ધોરણે રદ કરી દેવા માટે સંસદમાં નવું બિલ લાવશે.

# આદિવાસી વિસ્તારોમાં મોડેલ સ્કુલ-હોસ્ટેલ બનાવાશે

રાજ્યના આદિવાસી વિસ્તારોમાં નવી ૧૦ મોડેલ આદિજાતિ સ્કુલો શરુ કરવામાં આવશે.રાજ્ય સરકાર દ્વારા આ મોડેલ સ્કુલ તૈયાર કરવા માટે રુ.૬૦ કરોડની ફાળવણી કરાશે.એટલે કે ૬ કરોડના ખર્ચે એક મોડેલ સ્કુલ શરુ કરાશે. આ ઉપરાંત રુ.૧૨ કરોડના ખર્ચે કન્યાઓ માટે હોસ્ટેલની સુવિધા ઊભી કરવાનું પણ આયોજન છે.હોસ્ટેલની સુવિધા સાથે કન્યાઓને જમવાનું પણ આપવામાં આવશે.આમ કુલ ૭૨ કરોડના ખર્ચે મોડેલ સ્કુલ અને હોસ્ટેલની સુવિધા ઊભી કરવામાં આવશે.

આ મોડેલ સ્કુલમાં અપર પ્રાઇમરી એટલે કે ધો.૬ થી ૮, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકનું શિક્ષણ આપવામાં આવશે.એક સ્કુલ બિલ્ડીંગ પાછળ ૬ કરોડનો જંગી ખર્ચો કરાશે.આ અંગે જમીનની જરુરીયાત ઊભી થાય તો શિક્ષણ વિભાગ જમીન સંપાદન કરાશે. આ ઉપરાંત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક સ્કુલોમાં નવી રેસિડેન્સીયલ હોસ્ટેલ તૈયાર કરવા માટે ૧૨ કરોડનો ખર્ચ થશે.કન્યાઓના છાત્રાલયમાં રહેવા અને જમવા માટે ખર્ચ ૨૨,૭૦ લાખ અંદાજવામાં આવ્યો છે.આ ૨૦ છાત્રાલયો ઉભા થશે.

# ઇન્ડીયા સ્કીલ રીપોર્ટમાં ગુજરાતની વાસ્તવિકતા છતી થઇ

સ્કીલ ડેવલપમેન્ટ કૌશલ્ય વર્ધન માટે ગુજરાત સરકારે પાછલા કેટલાક વર્ષોમાં અથાગ પ્રયત્નો કર્યો હોવાનો દાવો કરાય છે.પરંતુ ગુજરાત આજે પણ અંગ્રેજી ભાષા, તાર્કિક અને ગાણિતિક તથા કમ્પ્યુટર કૌશલ્યમાં પછાત છે. જુદા જુદા રાજ્યોમાં કૌશલ્ય અને ભવિષ્યમાં સરકારી-બિનસરકારી કંપનીઓ ઉદ્યોગોમાં કેવા પ્રકારના કૌશલ્ય ધરાવતા લોકોની માંગ નિકળશે અને આ માંગ પુરી કરવા માટે ક્યા રાજયો સક્ષમ છે તેનો સ્કીલ ડેટાબેઝ તૈયાર કરવા કોન્ફિડરેશન ઓફ ઇન્ડીયન ઇન્ડ્સ્ટ્રી(સીઆઇઆઇ)ના સહયોગથી ધરાયેલા રાષ્ટ્રીય સર્વે ઇન્ડીયા સ્કીલ રીપોર્ટમાં ગુજરાતની વાસ્તવિકતા છતી થઇ હતી. એક અંદાજ મુજબ ગુજરાતમાં છેલ્લા ૧૪ વર્ષમાં સ્કીલ ડેવલપમેન્ટ પાછળ ૬ હજાર કરોડથી વધુ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.એક અહેવાલના તથ્યો પરથી કૌશલ્યની આ યોજનામાં કોણે કૌશલ્ય બતાવ્યું એ સંશોધનનો વિષય બની જાય છે.

ઇન્ડીયા સ્કીલ ૨૦૧૪ના તાજેતરમાં પ્રસિધ્ધ કરાયેલ અહેવાલમાં ૨૭ રાજ્યો અને ૭ કેન્દ્ર શાસિત પ્રદેશના ૧ લાખથી વધુ યુવાન- યુવતીઓ,વિદ્યાર્થીઓને સાંકળી લેવાયા હતા. આ સર્વેમાં એકથી દસ ક્રમમાં ગુજરાતનો નંબર આવ્યો નથી. પરંતુ ઉપરોક્ત ત્રણેય કૌશલ્યમાં ગુજરાતનું પાડોશી રાજ્ય રાજસ્થાન પ્રથમ ક્રમે છે.

ગુજરાતની સ્થિતિ અંગે કોંગ્રેસ પ્રવક્તા ડો મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં મોદીના ૧૪ વર્ષના શાસનમાં હજારો કરોડો રુપીયાના ખર્ચ પછી કોશલ્ય વર્ધન ક્ષેત્રે કંઇ થયું નથી તે પુરવાર થાય છે.કૌશલ્ય વર્ધન કેન્દ્રોના નામે ભાજપના મળતીયાઓનું કલ્યાણ થયું છે.પરંતુ જરુરીયાતમંદને કંઇ મળ્યું નથી.

# ન્યાયતંત્રની સ્વતંત્રતામાં હસ્તક્ષેપ સામે સુપ્રીમ ચીફ જસ્ટીસ નારાજ

ભારતના ન્યાયતંત્રની સ્વતંત્રતા પર સકંજો કસવાના થઇ રહેલા પ્રયાસો સામે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ આર.એમ.લોધા નારાજ થયા હતા. તેમણે જણાવ્યું હતું કે ન્યાયતંત્રની સ્વતંત્રતા સાથે કોઇ સમાધાન કરી શકાય નહીં અને ન્યાયતંત્રમાં હસ્તક્ષેપના પ્રયાસને ખાળવાની અમારામાં ક્ષમતા છે.ઉચ્ચ ન્યાયતંત્રમાં નિયુક્તિઓની કોલેજીયમ પ્રણાલીનો અંત લાવવાના સરકારના પગલાંના સંદર્ભમાં ટિપણી કરતાં મુખ્ય ન્યાયમુર્તિએ સંસદમાં પસાર કરાયેલા કાયદાનો સીધો ઉલ્લેખ કર્યા વગર જણાવ્યું હતું કે ન્યાયતંત્રની સ્વતંત્રતા છીનવી લેવાનો કોઇ પ્રયાસ સફળ થશે નહીં.

રૂલ ઓફ લૉ કન્વેશન ૨૦૧૪ પરના સેમીનારને સંબોધન કરતાં મુખ્ય ન્યાયમુર્તિએ જણાવ્યું હતું કે સરકાર અથવા અન્ય કોઇ દ્વારા કોઇ ખોટું કામ કરાશે તો કોઇ એવી એક સંસ્થા છે જે તેમની વહારે આવશે તેવો જનતાનો વિશ્વાસ જાળવી રાખવા માટે ન્યાયતંત્રની સ્વતંત્રતા જરુરી છે.આશા રાખીએ કે ન્યાયતંત્ર, સરકાર અને સંસદને સ્વતંત્ર રીતે કામ કરવાની પરવાનગી આપવામાં આવી રહી છે.

મુખ્ય ન્યાયાધીશે ન્યાયતંત્રને કલંકિત કરતા લોકોથી દુર રહેવા ન્યાયાધીશોને સલાહ આપતાં કહ્યું હતું કે ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર સડો લાવે છે.અને લોકતંત્ર માટે તે ગંભીર બિમારી છે.

# સરકારી આવાસો ખાલી નહી કરનાર સાંસદો સામે કડકાઇ

દિલ્હીમાં સરકારી આવાસો ખાલી નહી કરનારા ભુતપુર્વ મંત્રીઓ અને સાંસદો સામે સત્તા પર આવેલી મોદી સરકાર દ્વારા કડકાઇભર્યું વલણ અપનાવવામાં આવ્યું છે.તેઓના નિવાસસ્થાનોના વિજળી અને પાણીના જોડાણો કાપી નાંખવામાં આવ્યા છે.પુર્વ મંત્રીઓ અને સાંસદોને ૪ સપ્ટેમ્બર સુધીનો પુરતો સમય મકાનો ખાલી કરવા માટે આપવામાં આવ્યો હતો. લોકસભાની આવાસ સમિતિએ નવા ચુંટાયેલા સાંસદોને આવાસ ફાળવણીની સ્થિતિની સમીક્ષા કરતાં કેટલાક ભુતપુર્વ સાંસદો અને મંત્રીઓએ આવાસો ખાલી કરવા નોટીસો અને પુરતો સમય આપ્યા છતાં ખાલી કરાયાં નહોતા. તેમના પાણી અને વીજળી જોડાણો કાપી નંખાયા હતા.એનડીએમસીએ લુટિયંસ ઝોનમાં ૨૬ આવાસોનો વીજ અને પાણીના જોડાણો કાપી નાંખ્યા હતા.એક વાર સરકારી આવાસ પર રહેવા આવી જનારા સાંસદો અને મંત્રીઓ ખાલી કરી અન્યત્ર જવા માટે રાજી નથી કારણકે તેમને રાજકારણમાં રહેવું છે અને દિલ્હીમાં આવા આવાસો ઉપલબ્ધ નથી.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in



**ગ્રાહક મિત્રોને વિનંતી.**
આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.
**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



**ગ્લોરી કેટરીંગ સર્વીસ**
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જ્હોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# ભારતમાં ફરીથી કટ્ટરવાદનું પુનરાવર્તન થઇ રહ્યું છે, યુએસ ઓપનડોર

ફરીથી એજ પ્રકારની વાર્તા ભારતમાં પુનરાવર્તીત થઈ રહી છે.યુએસએ ના ઓપનડોરના જણાવ્યા પ્રમાણે ૬૦૦થી વધારે હુમલાઓ લઘુમતી મુસ્લીમો અને ખ્રિસ્તીઓ પર નરેન્દ્ર મોદી,વડા પ્રધાનની સરકારના પ્રથમ ૧૦૦ દિવસ દરમિયાન કરવામાં આવ્યા છે.નરેન્દ્ર મોદીએ ખ્રિસ્તીઓ અને સામાજીક કાર્યકરોને તેમની સામે લઘુમતિઓ સામે થઈ રહેલા હુમલાઓ બાબતે વિરોધો પ્રદર્શિત કરવા માટે ખુબજ મોકો આપ્યો છે. તેવું એમએનએનના રીપોર્ટમાં જણાવાયું હતું.

સપ્ટે.૨ ના રોજ ન્યુ દિલ્હીમાં એક મીટીંગ મળી તેમાં ૫૦ ખ્રિસ્તી નેતાઓ,વકીલો, સામાજીક કાર્યકરો, તેમજ અન્ય સંસ્થાઓના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.અને તેઓએ દેશનું ધ્યાન ખેચવા માટે પ્રયત્ન કર્યો હતો કે આયોજન બધ્ધ લઘુમતિઓને નિશાન બનાવતા હિંસાત્મક હુમલાઓ થઈ રહ્યા છે તે બાબતે સરકારનો ધ્યેય શું છે.

સપ્ટે.૪ ના રોજ કોર કમિટી દ્વારા માઈનોરીટી ઓન ૧૦૦ ડેઝ ઓફ મોદી ગર્વનન્સ નો રીપોર્ટ જારી કરવામાં આવ્યો હતો.જેમાં મોદીની નવી સરકારન પ્રથમ ૧૦૦ દિવસના ગાળામાં બનેલ એટ્રોસીટીના કેસો બાબતનો રીપોર્ટ હતો.ભારતીય જનતા પાર્ટી,કે બીજેપીની સરકાર ૨૬મે બાદ રચાઈ અને તેમણે ભારતની ૧૬મી પાર્લામેન્ટ બનાવી. જે હિદુત્વ જેવા કટ્ટર મુદ્દાઓ પર સત્તા પર આવી.ક્રિશ્ચિયન ગ્રુપ અને સેક્યુલર સોશ્યલ નેટવર્કના સહકારથી ઓક્ટો.૨ના રોજ નેશનલ હોલીડે છે તે દિવસે મહાત્મા ગાંધીનો જન્મ દિવસ પણ છે ત્યારે લઘુમતિઓના અધિકારો માટે એક કન્વેન્સન યોજવાનું નક્કી કર્યુ છે.આ કન્વેન્સન બે દિવસ ચાલશે અને ત્યારબાદ પબ્લીક પ્રોટેસ્ટનો કાર્યક્રમ દિલ્હીમાં યોજવામાં આવશે.

ઓગષ્ટ ૨૭ના રોજ સેવન્થ ડે એડવેન્ટીસ ચર્ચ, અસરોઈ વિલેજ, જે અલીગઢ ડીસ્ટ્રીકમાં આવેલ છે તેમજ દિલ્હીથી ૧૬૦ કી.મી. સાઉથઈસ્ટમાં આવેલ છે ત્યાં કેટલાક હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા ચર્ચને હિંદુ મંદિરમાં તબદીલ કરી દેવાયું હતું.અને ત્યાં વસતા કેટલાક ખ્રિસ્તી કુટુંબોને ધરવાપસી કાર્યક્રમ હેઠળ ફરીથી હિંદુ બનાવાયા હતા.આ હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા કેટલાક ફોટોગ્રાફસ અને પ્રેસ રીલીઝ પણ મોકલવામાં આવી હતી તેમાં જણાવાયુ હતું કે ૭૨ જેટલા ખ્રિસ્તીઓને ફરીથી હિંદુ બનાવી દેવાયા છે.જો કે આ એક પ્રકારના ખ્રિસ્તીઓને બદનામ કરવા માટેના પ્રોપેગંડા છે.અને તેની પાછળ હિંદુ કટ્ટરવાદી સંસ્થાઓનો હાથ છે.સુંદર સિંહ,એક દલિત ખ્રિસ્તી સામાજીક કાર્યકરે આ ગામની મુલાકાત લીધી ત્યારે તેમની સાથે ફેક્ટ ફાઈન્ડીંગ ટીમના ત્રણ સભ્યોની ટીમ સામેલ હતી.હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા તેમને પણ નિશાન બનાવાયા હતા.

આ હિદુ કટ્ટરવાદીઓનું બનેલુ ગ્રુપે આ ગામ ખાતે નિયમિત મુલાકાત નહી લેતા પાસ્ટરને કારણે ગેરલાભ લઈ લીધો હતો.કેથોલીક પ્રીસ્ટ કોમનીક ઈમેન્યુએલ,જે ફેક્ટ ફાઈન્ડીગ ટીમના સભ્ય હતા તેમણે જણાવ્યું હતું.આ બનાવના કેટલાક ફોટોગ્રાફસ અને વીડીયોગ્રાફસ મીડીયાને મોકલવામાં આવ્યા હતા અને તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ૭૨ જેટલા ખ્રિસ્તીઓને ફરીથી હિંદુ બનાવાયા હતા.આ વીડીયો યુટ્યુબ પર લોડ કરાયો હતો.પરંતુ આ વિસ્તારમાં પાંચ કુટુંબો રહે છે અને તેમની સંખ્યા ૩૦ જેટલી છે.

ચીફ મીનીસ્ટર,ઉત્તર પ્રદેશને અપાયેલ આવેદનપત્રમાં ખ્રિસ્તીઓ દ્વારા ચર્ચને મંદિરમાં તબદીલ કરવાની ધટનાની આલોચના કરવામાં આવી હતી.તેમજ તેમને આ બાબતમાં યોગ્ય પગલાં ભરીને હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા ખ્રિસ્તીઓની મિલ્કત પર કરાતાં હુમલા વિગેરે ઘટનાઓ રોકવા તાકીદ કરી હતી.આજ પ્રકારની બીજી અન્ય ઘટના હસાયન ખાતે બની હતી. એક સંઘ પ્રચારકે ચર્ચની અંદર જઈને ખ્રિસ્તીઓના ધર્મ પરિવર્તન કરવા માટે શરુઆત કરી હતી પરંતુ પોલીસે તેમને અટકાવ્યા હતા.ઓસમોન્ડ ચેરીસ, એડવોકેટે જણાવ્યું હતું.

ઓગષ્ટ ૩૦ ના રોજ આવેલ સમાચારો અત્યંત આધાત જનક હતા.ડઝનેક જેટલા પાસ્ટરોને પોલીસે અટકમાં લીધા હતા. અને તેમની પર હિદુઓનું ધર્મપરિવર્તન કરવાનો આરોપ મુકવામાં આવ્યો હતો.આ બનાવ સુરજપુર વિલેજ,નોઈડા નજીક બન્યો હતો.જે દિલ્હીની બોર્ડર પર આવેલ છે.પ્રમોદ સિંહ, સીનીયર ક્રિશ્ચિયન લોયર, ઘટના સ્થળે તાત્કાલીક દોડી ગયા હતા જ્યા પાસ્ટરોની ધરપકડ કરાઈ હતી.ત્યાના સ્થાનિક બીજેપી લીડર દ્વારા ચર્ચમાં મળેલી પ્રાર્થના મીટીંગને ધર્મપરિવર્તનની મીટીંગ કહીને તમામ હાજરની ધરપકડ કરાવી હતી.આ નિયમિત મળતી પ્રાર્થના સભા હતી.પરંતુ વિરોધીઓના ટોળાએ પોલીસને ધરપકડ કરવા ફરજ પાડી હતી.બીજા કેટલાક ખ્રિસ્તીઓ પોલીસ સ્ટેશન સમાચાર મળતાં પહોચ્યા તો તેમની પણ પોલીસે ધરપકડ કરી હતી.પોલીસે હિંદુ કટ્ટરવાદીઓને ખુશ કરવા માટે પોલીસે પાસ્ટરોને માર માર્યો હતો.જેથી પોલીસ સ્ટેશનની બહાર હિંસક વાતાવરણ ઉભું થાય.

પોલીસના ચીફે જણાવ્યુ હતું કે આ હિદું દેશ છે.પોલીસે સત્તા બદલવાની સાથે પોતાનો કલર પણ બદલી નાંખ્યો છે.જો કે પાછળથી ૧૦ પાસ્ટરોને મોડી રાત્રે છોડવામાં આવ્યા હતા.જ્યારે બીજા બેને બીજા દિવસે છોડવામાં આવ્યા હતા.ખ્રિસ્તી વકીલો અને નેતાઓએ પોલીસ સાથે ગેરકાયદેસર અટકાયત માટે અનેક દલીલો કરી છતાં તે વ્યર્થ ગઈ હતી.જો કે સપ્ટ.૧ ના રોજ પોલીસે જણાવ્યું હતું કે પાસ્ટરો સામે લગાવવામાં આવેલ આરોપ ખોટા હતો.અને આ લોકો અને પાસ્ટરો તો માત્ર આ સ્થળે પ્રાર્થના કરતાં હતા.

જોન દયાલ,ખ્રિસ્તી નેતાએ જણાવ્યું હતુ કે આ પ્રસંગને ભુલી જવો યોગ્ય નથી કારણેકે આ બાબત બતાવે છે કે આ બધું ખુબજ વ્યવસ્થિતિ રીતે પ્લાન મુજબ બની રહ્યું છે.અને હવે આ પ્રકારના બનાવો વધતા રહેશે.

દયાલના બાબતને અનુમોદન બનતો એક બનાવ મધ્ય પ્રદેશ ખાતે બન્યો.૩ સપ્ટે.ના રોજ શીવપુરી ડીસ્ટ્રીક,સેન્ટ્રલ મધ્યપ્રદેશ ખાતે ચાર દલિતો જેમણે મુસ્લીમ ધર્મનો અંગીકાર કર્યો હતો તેમને હિદું કટ્ટરવાદીઓ દ્વારા ફરીથી હિદુ બનાવાયા હતા.

ઈન્ડીયન એકસપ્રેસના જણાવ્યા પ્રમાણે અડધો ડઝનથી વધારે દલિતોએ મુસ્લીમ ધર્મનો અંગીકાર કરવાનું સ્વીકાર્યુ હતું.પરંતુ તેઓ તેમ કરી શક્યા નહોતા.ક્યાં છે ધર્મ સ્વાતંત્રતા, જે બંધારણમાં આપવામાં આવેલી છે.શબનમ હાસમીએ આ સવાલ પુછ્યો હતો.જે કે ખુબજ જાણીતા સામાજીક કાર્યકર છે.સપ્ટે.૨ ના રોજ દિલ્હીમાં મળેલ મીટીંગમાં તેમણે આ કહ્યું હતું.

હાસમી,અનહદસંસ્થાનાફાઉન્ડર ડીરેક્ટર છે.જે સંસ્થા એકતા અને લોકશાહી માટે કાર્યરત છે.તેમણે જણાવ્યું હતું કે મોદીના સરકારના ૧૦૦ દિવસના શાસનકાળમાં ૬૦૦ જેટલા બનાવો લઘુમતિઓ પર હુમલાના બન્યા છે.હવે સમય આવ્યો છે કે આપણે બધાએ એક બનીને આનો વિરોધ કરવો પડશે.

રેવ.રિચાર્ડ હોવેલ,જનરલ સેક્રટરી, ઈવેન્જલીકલ ફેલોશીપ ઓફ ઈન્ડીયાએ મીટીંગમાં જણાવ્યું હતું કે ઈએફઆઈ ખ્રિસ્તીઓ વિરુધ્ધ બની રહેલા તમામ બનાવોનું દસ્તાવેજીકરણ કરી રહ્યું છે.

# પાલીતાણામાં માછીમારોનો ધંધો બંધ કરવા મનાઇ સામે રીટ

જૈનોના યાત્રાધામ પાલિતાણામાં સંતોના આંદોલન બાદ ફીશરીઝ વિભાગે પાલિતાણા શહેરની હદમાં માછલીઓ વેચવા પર પ્રતિબંધ મુકી દીધો છે.આ પ્રતિબંધ ગેરકાયદેસર છે અને તેને હટાવવા ાટે ગુજરાત હાઈકોર્ટમાં પિટીશન કરવામાં આવી છે.પીટીશનર મીઠાપુરાના વિનોદભાઈ વાલજીભાઈ પોતે માછીમાર છે.તેમણે કરેલી પીટીશનમાં રજુઆત કરવામાં આવી છે કે ૧૯૯૯થી એક નોટિફિકેશન અમલમાં છે જે મુજબ શૈત્રુંજય જતાં રસ્તે આવતાં ભૈરવનાથ બ્રીજથી તળેટી સુધીના રસ્તા પર માછલી વેચવાની મનાઈ છે. અને આ નોટિફિકેશનનું અમે લોકો પાલન કરીએ છીએ.આ પ્રતિબંધિત વિસ્તારની બહાર જ માછલી વેચવાનો ધંધો કરવામાં આવે છે. તા. ૨૨ જુને જૈન સંતોએ પોલીસ કે કલેકટરની પરવાનગી વગર ઈંડા, માંસ અને માછલી ખાવા અને વેચવા સામે ભુખ હડતાલ કરી હતી. આ વિરોધને ખાળવા માટે નગરપાલિકા દ્વારા ૨૩ જુને તાત્કાલિક મીટીંગ બોલાવવામાં આવી હતી .જેમા માછીમાર સમુદાયના લોકોને બોલાવાયા નહોતા. ત્યારબાદ ૧૯૯૯ના નોટિફીકેશન મુજબ જે પ્રતિબંધિત વિસ્તાર નથી. ત્યા પણ બંધી કરાઈ છે જે સામે ગુજરાત હાઈકોર્ટમાં રીટ કરવામાં આવેલી છે.હવે કોર્ટમાં આ રીટમાં શુ પરિણામ આવે છે ત્યારબાદ ત્યાંના માછીમારો ભાઈઓનું ભવિષ્ય નક્કી કરવામાં આવશે.


**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.